SURAT MUNICIPAL CORPORATION
કાર્યપાલક ઈજનેર
સાયન્સ સેન્ટર,
સુરત મહાનગરપાલિકા.

E-mail :- exen.swz@suratmunicipal.org

ફોન નંબર :- (૦૨૬૧) ૨૬૬૩૦૪૯–૫૦
+91 97243-46015
+91 97243-46017
FAX :- 91-0261-42 2110
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ઓફિસ, આદર્શભવનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧.

# <u>સંમતિપત્રક</u>

નં.સા.સે./આ.નં.૧૮૫
તારીખઃ– ૨૦/ ૦૬/ ૨૦૨૫.

**પ્રતિ,**

------------------------------------------------------------------
------------------------------------------------------------------
------------------------------------------------------------------
------------------------------------------------------------------
------------------------------------------------------------------

**વિષય :– સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે સ્ટાફની ઓફીસ રૂમના ફર્નિચરને લાગત રીપેરીંગ/ રીનોવેશન કરવાનું કામ.**

**મહાશય,**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે સ્ટાફની ઓફીસ રૂમના ફર્નિચરને લાગત રીપેરીંગ/ રીનોવેશન કરવાની કામગીરી રૂ.૧,૦૦,૦૦૦.૦૦ પૈ. ની ખર્ચ મર્યાદામાં સદરહું સમાન પ્રકારની કામગીરી પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકર સેલમાં દ્વારા સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી ખાતે ફર્નીચરને લાગત રીપેરીંગ/ રીનોવેશન કરવાના કામે સ્થા.સ.ઠ.નં.૧૭૪૨/ ૨૦૨૩, તા.૦૨/૧૧/૨૦૨૩ થી મંજુર થયેલ આઈટમ રેટના ભાવે અને શરતને આધિન કરવા સંમત હોય તો આપની લેખિત સંમતિ બંધ કવરમાં તા.૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સાયન્સ સેન્ટર, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલવાના રહેશે. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈપણ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## <u>–: શરતો :–</u>

૧. ઈ.એમ.ડી. ની રકમ રૂ.૧,૦૦૦/– કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર સંમતિ સાથે આપવાની રહેશે.
૨. ઈજારદારે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે રજુ કરવાની રહેશે.
૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલા કામના/ અનુભવના સર્ટીફીકેટ (Form 3A/ Work Completion Certificate)/ વર્કઓર્ડરની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે રજુ કરવાની રહેશે.
૪. ઈજારદારે G.S.T. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, પી.એફ. સર્ટીફીકેટ, પાનકાર્ડ, આધાર કાર્ડની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે રજુ કરવાની રહેશે.

૫. જો ઈજારદારની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે રજુ કરવાની રહેશે.
૬. ઈજારદારે ભરેલ સંમતિપત્રક કોઈપણ સંજોગોમાં પરત લઈ શકાશે નહિ અને શરતી સંમતિપત્રક સ્વીકારમાં આવશે નહિ.
૭. કોઈપણ તથા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.
૮. તમામ પ્રકારના વેરા/ સરકારી/ અર્ધ સરકારી/ G.S.T. ટેક્ષ ઈજારદારે ભોગવવાના રહેશે.
૯. તમામ પ્રકારના સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૧૦. આ કામની ગુણવત્તા (Quality) જળવાઈ રહે તે માટે અત્રેથી ખાસ તકેદારી રાખવામાં આવશે. જેથી તે મુજબની કામની અચુક પ્રગતિ રાખવા નોંધ લેશો.
૧૧. સદર કામગીરી બાબતે અત્રેના સિવિલ ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.
૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Technical Specification મુજબ કરવાની રહેશે.

Sd/-
કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન, સાયન્સ સેન્ટર.
સુરત મહાનગરપાલિકા.